## જન્મદિને વધામણી



ધૃવકુમાર જે વૈદ્ય
મો. ૯૮૨૫૪ ૮૮૪૦૮



મિતાબેન વૈદ્ય
મો. ૯૮૨૫૪ ૮૮૪૦૮



કૃણાલસિંહ પ્રવીણસિંહ વાઘેલા
મો. ૯૭૧૪૨ ૩૭૮૯૫

# જી ઈ ક્લબ દ્વારા પોલીસ-એસટી કર્મચારીઓને રક્ષાનું બંધન









ગાંધીનગર શહેરમાં વિવિધ સેવા સંસ્થાઓની પ્રવૃત્તિ થકી તંત્ર અને સામાન્ય નાગરિકો તથા નાગરિકો-નાગરિકો વચ્ચેનો સંવેદનાનો સેતુ પણ મજબૂત બની રહ્યો છે. એમાંય વાર-તહેવારે આ સેતુની મજબૂતીમાં ઉત્સાહની નવી મજબૂતી પણ ઉમેરાતી જ રહે છે. આવી જ એક ઘટના રક્ષાબંધન પર્વ નિમિત્તે જોવામાં આવી હતી. કલાકારોની બનેલી ગાંધીનગર શહેરની સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા પ્રતિવર્ષની માફક આ વખતે પણ પોલીસ જવાનો, કર્મચારીઓ અને ગાંધીનગર ઍસટી ડૅપો ખાતે ફરજરત કર્મચારીઓને રક્ષાબંધન કરી તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. વાર, તહેવારે કે ગમે તેવી કઠિન પરિસ્થિતિ પ્રસંગે પણ પોતાની ફરજ ખાતર પોતાના પરિવારથી દૂર રહેતા આ આવશ્યક સેવાના કર્મચારીઓ પ્રત્યે આ રક્ષાબંધનના માધ્યમથી નાગરિકો દ્વારા સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી, જે અનેક કર્મચારીઓને સ્પર્શી હતી અને એમની આંખોમાં ભીનાશ લાવવા માટે જવાબદાર બની હતી. એક દિવસ અગાઉ મહાનગરપાલિકાના મેયર, સદસ્યો અને વર્ગ-૩ના કર્મચારીઓને રક્ષાનું બંધન કર્યા બાદ જી ઈ ક્લબ પરિવારની બાળાઓ પૂજા, નિધિ અને રિયા દ્વારા રક્ષાબંધનના દિવસે ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાને પણ રક્ષાબંધન કરી તેમનાં ક્ષેમકુશળ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.



ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે કોમ્પ્યુટર શાખામાં ફરજ બજાવતા હેડ. કોન્સ્ટેબલ હિતેશ રતિલાલે કચેરીના શીટ શાખા, એકાઉન્ટ શાખા, રજીસ્ટ્રી શાખા એલઆઈબી શાખા, ક્લોધીંગ સ્ટોર માટે સોફ્ટવેર ડેવલપ કરી તમામ ડેટાને છેલ્લા ૧૨ વર્ષથી મેન્ટેન કરી સારી કામગીરી કરેલ છે. ઉપરાંત હાલમાં ડ્યુટી ડીસ્ટ્રીબ્યુશન તેમજ હોમ એલોટમેન્ટ જેવા સોફ્ટવેર તૈયાર કરી પોલીસની કામગીરીમાં પણ આધુનિકતા લઈ આવેલ છે. જે સારી કામગીરી બદલ તેઓને પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ દ્વારા પ્રસંશાપત્ર આપવામાં આવ્યું છે. જે મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ૭૦મા સ્વાતંત્ર્યદિન નિમિત્તે માણસા મુકામે યોજોયલ કાર્યક્રમમાં આપવામાં આવ્યું છે.

## પીએચડી થયા



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની શ્રી એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩ ખાતે ફરજ બજાવી રહેલા પ્રા. ડૉ. ભરત બી. પટેલે "એન ઈફેક્ટીવનેસ ઓફ પોયેટરી સીંગીંગ મેથર્ડ ઈન હિન્દી સબજેક્ટ" વિષય ઉપર પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. વકીલ ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના ડૉ. ભાવિક એમ. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેઓની આ સિદ્ધિ બદલ સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## સહયોગ મંડળ દ્વારા વૃધ્ધાશ્રમના વડિલોને ધાર્મિક યાત્રા કરાવાઈ



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સહયોગ મંડળ દ્વારા પીંડારડા ખાતેના આમ્રપાલી વૃધ્ધાશ્રમના ૬૦ જેટલા વડિલોને બે દિવસીય ધાર્મિક પ્રવાસ કરાવાયો હતો. આ પ્રવાસમાં વડિલોને લકઝરી બસ દ્વારા ચોટીલા, દ્વારકા, નાગેશ્વર જેવા તીર્થ સ્થાનોની જાત્રા કરાવાઈ હતી. સહયોગ મંડળ દ્વારા આયોજિત તા. ૧૦મી ઓગષ્ટે સવારે પ્રવાસનો પ્રારંભ કરાયો હતો. જેમાં સૌ પ્રથમ અરણેજ ખાતે બુટ ભવાની માતાના મંદિર ત્યાર બાદ ગણપતપુરા અને ચોટીલા ખાતે ચામુંડા માતાના મંદિરે દર્શનનો લાભ અપાવાયો હતો. આ પ્રવાસમાં દ્વારકા ખાતે ભગવાન જગદીશના દર્શન કરી રાત્રિ રોકાણ કરાયું હતું અને બીજા દિવસે નાગેશ્વર જ્યોર્તિલીંગના દર્શન કરાવાયા હતા. આ ઉપરાંત નવા રણુંજાનો પ્રવાસ ખેડી વડિલોને પરત લવાયા હતા. સમગ્ર પ્રવાસ દરમિયાન વડિલોને સવારે ચા નાસ્તો, બપોરે જમવાનું, સાંજે ચા નાસ્તો અને રાત્રિ વાળુ સહિત રાત્રિ રોકાણ અને ટ્રાન્સપોર્ટની તમામ સવલત નિઃશુલ્ક પુરી પાડવામાં આવી હતી. આ પ્રવાસમાં સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ ઉપરાંત બી.એન. પંચાલ, ડી.એમ. પરમાર, દિલીપભાઈ રાજપૂત, કિરીટસિંહ વાઘેલા સહિત અન્ય સભ્યો પણ જોડાયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૨**
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫

**સ્ક્રીન-૪**
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦




એએફએસ સ્ટુડન્ટ ઍક્સચૅન્જ પ્રોગ્રામ અંતર્ગત ઈટલીથી ગાંધીનગરમાં અભ્યાસાર્થે આવેલી ઈટાલિયન દીકરી 'આના'એ ગાંધીનગર ખાતે યજમાન પરિવાર સાથે રક્ષાબંધનની પરંપરાગત રીતે ઉજવણી કરી હતી. આ ઉજવણી દરમ્યાન 'આના' ભાવવિભોર બની ગઈ હતી અને તેણે ઈટલી પરત ગયા બાદ ત્યાં પણ પોતે આ જ રીતે રક્ષાબંધન ઉજવશે એવું પ્રણ લીધું હતું.

## સરકારી આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા પોલીસ જવાનોને રક્ષાનું બંધન

ગાંધીનગર, તા. ૧૮

સરકારી આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરમાં અભ્યાસ કરતા ઍમએ પાર્ટ-૧ના વિદ્યાર્થીઓએ સમાજશાસ્ત્ર વિષય અભ્યાસના ભાગરૂપે સૅક્ટર-૭ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

પોલીસ જવાનોને વિધિવત રક્ષાબંધન કરી તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું અને તેમની રક્ષા માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. સોનલમોદી દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. રાહુલ ભટ્ટ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર મહાનગર પાલિકાના વૉર્ડ નં. ૮માં સમાવિષ્ટ સૅક્ટર-૪ પાસે સ્થિત હડમતિયા છાપરામાં રહેતાં બાળકોને સર્જન ઍજ્યુકેશન ઍન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નોટબૂક્સ અને પૅન્સિલની ભેટ આપવામાં આવી હતી. બાળકો નવી નોટબૂક્સ અને પૅન્સિલ મેળવીને ખુશખુશાલ થઈ ગયાં હતાં.

# બૅન્કોનાં વિલીનીકરણથી સર્જાશે સ્ટાફ સંલગ્ન પ્રશ્નો

**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

દેશની સમગ્ર નાણાં સંસ્થાઓ પ્રવર્તમાન બિનઉપજાઉ અસ્કયામતોની વધતી માત્રા અને નબળી વસૂલાતના તત્ત્વથી બહુ તણાવમાં છે. ઍનપીએ અર્થાત ધિરેલી લોનનાં નાણાં સમયસર પરત ન આવવાં, જેના કારણે નફામાંથી નિર્ધારીત ટકાવારી મુજબ અલગ જોગવાઈઓ કરવી જ પડે છે. આ કારણે જ બૅન્કોની હાલત અતિ નબળી પડી છે અને ૨૦૧૬-૧૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જૂન-૨૦૧૬ના અંતે પણ સ્થિતિમાં સુધારણા દેખાતી નથી તેમ છતાં આ જ સમયગાળામાં ૧૩ બૅન્કોને રૂા. ૨૫૯૫૨ કરોડની સહાય કેન્દ્ર સરકારે કરી છે, જે પૈકી સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાને રૂા. ૮૫૭૫ કરોડ ફાળવવામાં આવ્યા કેમ કે તેની નફાકારકતા વધુ ઘટી છે! બીજી તરફ કેન્દ્ર સરકારના નિર્દેશ મુજબ જાહેર ક્ષેત્રની તમામ બૅન્કોને પારસ્પરિક વિલીનીકરણ કરી તેની સંખ્યા ૧૦થી ૧૩ જેટલી કરવાનું કહ્યું છે અને આર્થિક સુધારણાના જૂના એજન્ડા મુજબ સહયોગી પાંચ બૅન્કો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં મર્જ કરવાની છે. આ સિવાય અન્ય બૅન્કોને પણ ફરીથી તડજોડ કરી બૅન્કો ઘટાડવાની કાર્યવાહી ચાલી રહી છે. માર્ચ, ૨૦૧૭ સુધીમાં કેટલીક બૅન્કોને મર્જ કરવાની સૂચના અપાઈ ગઈ છે. આ પ્રક્રિયાથી આર્થિક સંસાધનોને વધુ સુચારુ રૂપથી બચાવી શકાશે અને રાષ્ટ્રીય સ્તરની બૅન્કોને વધુ મજબૂતીથી આગળ લઈ જવાશે એવી સરકારની ધારણા છે.




ભૂતકાળમાં જોઈએ તો ૨૦૦૮ અને ૨૦૧૦માં ઍસબીઆઈમાં બે સહયોગી બૅન્કોને મર્જ કરવામાં આવી અને જે સ્થિતિ પેદા થઈ હતી તેનો મનોવૈજ્ઞાનિક ચિતાર સમાજ સુધી કદી પ્રત્યક્ષરૂપે ગયો નથી. સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્ર કે જે ૧૦૦ વર્ષ પૂરાં કરી ચૂકી હતી, જેની વડી કચેરી ભાવનગર ખાતે હતી અને આ બૅન્કની ૫૦૦થી ઓછી શાખાઓ હોવાથી એક સુંદર માનવીય સંબંધોથી કાર્યરત બૅન્ક હતી. તેના મર્જર બાદ જે વર્ક કલ્ચર, વર્ક સ્ટાઈલ, ઍચઆરની નીતિ વગેરેના લીધે સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્રનો બધો જ કર્મચારી વર્ગ અત્યંત પરેશાન થઈ ગયો એ કડવી હકીકત છે જ.

અત્યંત મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે બધી જ બૅન્કોમાં કામદારનાં ઐક્ય સમા સંઘો (યુનિયન અને ઍસોસિએશન) પણ હોય જ છે એટલે જ્યારે પારસ્પરિક વિલય થવા કે કરવાની બાબત અમલી બને છે ત્યારે નવા-જૂના સંઘના એકમો વચ્ચે કદી ઐક્ય સધાતું નથી. એટલે કામદારના પોતાના પ્રશ્ન માટે તેણે કોની પાસે જવું? એ સવાલ મુંઝવે છે. જો પ્રબંધનના માર્ગે જાય તો વિલયની પ્રક્રિયાને લીધે પ્રબંધન કર્મચારી બાબતે કશું જાણવામાં શૂન્ય હોય છે. કર્મચારી માટે નવી બૅન્કમાં નોકરીએ લાગ્યા હોય એવી હાલત વર્ષોની જૉબ બાદ ઊભી થાય એ ખૂબ જ દુખદ અને પીડાકારક હોય છે. મોટી બૅન્કોમાં આદેશો, પાલન અને મૂલ્યાંકન સિવાયનું માનવીય પાસું જોવા મળતું નથી. આ કારણે સ્ટાફના પ્રશ્નો ભયાનક રીતે પેચીદા અને ઘાતક બની જાય છે. વિલીનીકરણ એ આ દૃષ્ટિએ કામદારો માટે મરણ જેવું સાબિત થયું છે. (ઍસબીઆઈમાં બે બૅન્કો મર્જ થઈ પછી કેટલા કર્મચારીઓ નોકરી ત્યજીને જતા રહ્યા તે વિશે કોઈ સંશોધન કરે તેવી અપેક્ષા પ્રજા પણ રાખે છે). કર્મચારી પ્રતિમાસ પચાસ હજાર (સરેરાશ રકમ)નું વેતન ક્યારે છોડે? અથવા જે સ્વૈચ્છિક નિવૃત્તિ લે છે અને જેનું પરફોર્મન્સ અતિ ઉમદા છેલ્લાં ૨૦-૨૫ વર્ષથી ચાલી રહ્યું હોય ત્યારે પ્રબંધનો કોઈને અવો વાસ્તવમાં અહેસાસ કરાવેલ નથી કે વ્યક્તિ શા માટે ચાલુ જૉબને મૂકીને જાય છે !!!

જે એકમની સાચી મિલકત છે તે કર્મચારીગણ છે, તેની છટણી થવાની પણ ધારણા સેવાઈ રહી છે. આ મુદ્દે પણ રિઑર્ગેનાઈઝ્‌ડ કરવાનો પડકાર બૅન્કિંગ સૅક્ટરમાં ઊભો થવાનો છે. બૅન્કોની પ્રવર્તમાન સ્પર્ધા પણ ઘાતક છે. સરકાર શ્રમિકોના અસ્તિત્વ કે આનંદ માટે કંઈ કરી શકે કે કેમ એ સવાલનો ઉત્તર શોધવો પડે પછી જ મર્જર થાય તો સુખદ પરિણામો જરૂર મળી શકે.

કેવા શુકનમાં પર્વતે આપી હશે
વિદાય, નીજ ઘરમાંથી નીકળી નદી
પાછી વળી નથી.

(જલન માતરી)

## બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધનની વ્યાપક ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૮

બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૩ ડી દ્વારા સૅક્ટર-૩માં કાર્યરત નાગરિક કો-ઓપરેટિવ બૅન્ક, આંધ્ર બૅન્ક, ડ્રેનેજ ઈન્કવાયરી, સરકારી પ્રાથમિક શાળા અને શ્રી સરસ્વતી વિદ્યાલય ખાતે કર્મચારીઓ, વિદ્યાર્થીઓને રક્ષાસૂત્ર બાંધી તેમને રક્ષાબંધનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા ૨૦૦ જેટલાં ભાઈ-બહેનોને રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યું હતું.

બ્રહ્માકુમારી સુનિતાદીદીએ જણાવ્યું હતું કે આજના સંજોગોમાં ઘણા વ્યક્તિઓ વ્યસનો, વિકારો અને બુરાઈઓથી વશીભૂત છે. એક જ પિતા પરમાત્માનાં સંતાન હોવાને નાતે દરેક આત્મા ભાઈ-ભાઈનો સંબંધ ધરાવે છે, તેવી દૃષ્ટિ અને વૃત્તિ બની રહે અને આપણામાં રહેલી બુરાઈઓનો ત્યાગ કરવાની દૃઢ પ્રતિજ્ઞા સાથે રાખી બાંધવાનો ઉપક્રમ આ પ્રસંગે આયોજિત કરવામાં આવ્યો હતો, જે કારણે સૌથી રક્ષા થઈ શકે. સૌએ આ ઉમદા ઉપક્રમમાં સહયોગ આપ્યો હતો.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**